# બ્રિસ્ટોલ ડિમેન્શિયા વેલબીઇંગ સર્વિસ વિશે

www.bristoldementiawellbeing.org

# બ્રિસ્ટોલ ડિમેન્શિયા વેલબીઇંગ સર્વિસ (Dementia Wellbeing Service) શું છે?

## ડિમેન્શિયા વેલબીઇંગ સર્વિસ એ ડેવોન પાર્ટનરશિપ NHS ટ્રસ્ટ (Devon Partnership NHS Trust ) અને અલ્ઝાઈમર સોસાયટી (Alzheimer's Society) વચ્ચેની ભાગીદારી છે અને અમે બ્રિસ્ટોલમાં ડિમેન્શિયા સેવાઓ પહોંચાડવા માટે જવાબદાર છીએ.

અમે ડિમેન્શિયા (ચિત્તભ્રમ) સાથે જીવતા લોકો માટે વ્યક્તિગત સહાય પ્રદાન કરીએ છીએ, સ્થાનિક ભાગીદારો સાથે તેમના માટે સુખાકારી યોજનાઓ બનાવવા માટે કામ કરીએ છીએ જે હાલમાં અને ભવિષ્યમાં તેમની જરૂરિયાતોને પ્રતિબિંબિત કરે છે.

અમે ચિત્તભ્રમ સાથે જીવતા લોકોને મદદ કરવા માટે GP, સંભાળ ગૃહો, હોસ્પિટલો અને અન્ય આરોગ્ય વ્યવસાયિકો અને સંભાળ રાખનારાઓ સાથે રહીને, જ્યારે અને જ્યાં લોકો ઇચ્છે છે – અને તેમને અનુકૂળ હોય તે રીતે માર્ગદર્શન, શિક્ષણ અને મદદ પૂરી પાડવા માટે કામ કરીએ છીએ.

અમે સેવા વિકસાવવા અને બ્રિસ્ટોલને ચિત્તભ્રમ-મૈત્રીપૂર્ણ શહેર બનવામાં મદદ કરવા માટે સ્થાનિક સમુદાય સાથે કામ કરીએ છીએ.

# તે કોના માટે છે?

## અલ્ઝાઈમર સોસાયટીનો અંદાજ છે કે બ્રિસ્ટોલમાં 4,200 લોકો ડિમેન્શિયા સાથે જીવે છે, જેમાંથી તમામને ડિમેન્શિયા વેલબીઇંગ સર્વિસમાંથી કોઈને કોઈ રીતે ફાયદો થશે.

અમે નિદાનથી લઈને જીવનના અંત સુધી ડિમેન્શિયા સંભાળના તમામ પાસાઓને આવરી લઈએ છીએ, જેમાં લોકોની જરૂરિયાતો સૌથી વધુ હોય ત્યારે સઘન સમર્થનનો સમાવેશ થાય છે.

સેવાની એક અનન્ય વિશેષતા એ છે કે અમે ડિસ્ચાર્જ કરતા નથી અને કાળજીની આ સાતત્યતા એવી છે જે લોકો અમને કહે છે તેમ ખરેખર તેમના માટે મહત્વપૂર્ણ છે. જ્યાં સુધી કોઈને અમારી જરૂર હોય ત્યાં સુધી અમે અહીં છીએ.

સંભાળકર્તાઓ અને પરિવારો માટે, અમે વ્યવહારુ અને ભાવનાત્મક શિક્ષણ, સલાહ અને સમર્થન પણ પ્રદાન કરીએ છીએ.

અમે અમારાય વ્યવહાર માટે અધિકાર-આધારિત અભિગમને સમર્થન આપીએ છીએ. અમારું માનવું છે કે દરેક વ્યક્તિ, જેમાં ડિમેન્શિયાના નિદાન સાથે જીવતા લોકોનો સમાવેશ થાય છે, અથવા તેમને ટેકો આપતા હોય તેઓને શક્ય હોય ત્યાં સુધી તેમનું જીવન તેઓ જે રીતે જીવવા માગે છે તે રીતે જીવવાનો અધિકાર ધરાવે છે.

# તે કેવી રીતે કામ કરે છે?

## બ્રિસ્ટોલમાં દરેક GP પ્રેક્ટિસમાં ડિમેન્શિયા પ્રેક્ટિશનર અને ડિમેન્શિયા નેવિગેટર હોય છે.

ડિમેન્શિયા પ્રેક્ટિશનર્સ કેર ટીમના લાયક સભ્યો છે જેઓ ડિમેન્શિયા ધરાવતી વ્યક્તિ અને તેમના GP સાથે મેમરીની સમસ્યાઓ અને સંભવિત ડિમેન્શિયા ધરાવતા લોકોને ઓળખવા અને મદદ કરવા માટે નજીકથી કામ કરે છે.

તેઓ પ્રારંભિક નિદાનમાં મદદ કરવા માટે નિષ્ણાત મેમરી મૂલ્યાંકન પ્રદાન કરી શકે છે અને લોકોને અને તેમના પરિવારોને તેમની બીમારી દરમિયાન મુશ્કેલ સમયે મદદ કરવા માટે ઉપચારાત્મક દરમિયાનગીરીઓ પ્રદાન કરી શકે છે.

ડિમેન્શિયા નેવિગેટર્સ ડિમેન્શિયા સાથે જીવતા લોકોને અને તેમની નજીકના લોકોને મદદ કરવા માટે વ્યક્તિ-કેન્દ્રિત રીતે કામ કરે છે.

તેઓ જીવનની ગુણવત્તા અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમની સ્વતંત્રતા જાળવી રાખવા માટે તેમના સમુદાયોમાં સ્થાનિક જૂથો અને પ્રવૃત્તિઓને ઓળખી શકે છે.

તેઓ અન્ય એજન્સીઓને પણ સાઇનપોસ્ટ કરી શકે છે અને વ્યવહારુ અને ભાવનાત્મક સમર્થનની સાથે માહિતી અને માર્ગદર્શન પણ આપી શકે છે.

---

## હું ડિમેન્શિયા વેલબીઇંગ સેવાને કેવી રીતે ઍક્સેસ કરી શકું?

જો તમને પહેલાથી જ ડિમેન્શિયાનું નિદાન થયું હોય, અથવા એવી કોઈ વ્યક્તિની કાળજી હોય જેમને થયું હોય, તો કૃપા કરીને અમારા ઍક્સેસ પૉઇન્ટ દ્વારા સીધો અમારો સંપર્ક કરો. જો તમને નિદાન ન હોય અથવા તમારી યાદશક્તિમાં સમસ્યા હોય, તો તમે તમારા GP દ્વારા અમારી સેવાનો ઉપયોગ કરી શકો છો.

### ઍક્સેસ પૉઇન્ટ

જો તમને રેફરલ કરવા અથવા ડિમેન્શિયા અથવા અમારી સેવા વિશે કોઈ સામાન્ય પૂછપરછ અંગે કોઈ સલાહની જરૂર હોય, તો તમે અમારા ઍક્સેસ પૉઇન્ટ નંબર પર અમારો સંપર્ક કરી શકો છો.

**0117 904 5151**

તે નીચેના સમય દરમિયાન ખુલ્લું રહે છે:

08:00 - 18:00 સોમવાર - શુક્રવાર

ટેલિફોન અર્થઘટન ઉપલબ્ધ છે.

જો તમે ટેક્સ્ટ રિલે દ્વારા સમર્થિત BSL વપરાશકર્તા છો, તો કૃપા કરીને **18001 0117 904 5151** પર કૉલ કરો

તમે ઈમેઇલ દ્વારા પણ અમારો સંપર્ક કરી શકો છો: dpn-tr.enquiriesBristolDementia@nhs.net

---

## હું વધુ ક્યાંથી શોધી શકું?

ડિમેન્શિયા વેલબીઇંગ સર્વિસની એક વેબસાઇટ છે જ્યાં તમે અન્ય ભાષાઓમાં ડિમેન્શિયા વિશેની અમારી ટૂંકી ફિલ્મોની લિંક્સ સહિત અમે શું કરીએ છીએ તે વિશે વધુ જાણી શકો છો:

www.bristoldementiawellbeing.org

તમે અહીં વધુ માહિતી પણ મેળવી શકો છો:

બ્રિસ્ટોલ, નોર્થ સમરસેટ અને સાઉથ ગ્લુસેસ્ટરશાયર ઈન્ટીગ્રેટેડ કેર બોર્ડ

bnssg.icb.nhs.uk/health-and-care

Devon Partnership NHS Trust (ડેવોન પાર્ટનરશીપ NHS ટ્રસ્ટ)

www.dpt.nhs.uk

Alzheimer’s Society (અલ્ઝાઈમર્સ સોસાયટી)

www.alzheimers.org.uk

FaceBook: BristolDementia

X / Twitter: @BristolDWS